

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ભાજપા નાના પક્ષોને દોડાવી તોડી નાખે છે,*
*પછી પદ-પૈસાની લાલચ દઈ ફોડી નાખે છે,*
*છોડી નાખે મૂલ્યો-સિદ્ધાંતની ગાંઠો બધા પક્ષોની -*
*હાર્યા પછી પણ ભાજપનો ઝંડો ખોડી નાખે છે...*
*(ભાંગ-ફોડ નિષ્ણાત)*

હાઈકુ

*બધા પક્ષોમાં,*
*કીચ-કાદવ-કરી*
*ખીલે કમળ !!*
*(પંકજા નો પંજો)*

*ઉછેરે ઈંડાં,*
*કોયલ, કાગડીનાં -*
*બિચારા પક્ષો !!*
*(પરિશ્રમે ચૂંટાય -*
*ભાજપ લઈ જાય)*

### ચિંતન

**દેવ દ્રવ્ય ગુરુદ્રવ્ય પરદારાઅભિમદર્શનમ્ ।**
**નિર્વાહઃ સર્વભૂતેષુ વિપ્રશ્ચાં ડાલ ઉચ્યતે ॥**

'ચાણક્યનીતિ'નો આ શ્લોક છે :

જે દેવ-મંદિરોની દાનપેટીમાંથી ચોરી કરે છે. લૂંટ-ફાંટ-ખાયકી કરે છે - દેવ દ્રવ્ય ખાય છે - અને ગુરુના ધન પર બૂરી નજર કરી તેની ચોરી કરે છે. (દક્ષિણા કે ટ્યૂશન ફી પર પૂરી આપતા નથી.)

... અને પરસ્ત્રી સાથે ગમન કરે કે તેણીની સાથે સંબંધો રાખે છે તે -

અને માક્ષ પશુઓની જેમ, પશુ જેવા અસંસ્કારી-દુર્જન માણસોની સંગતમાં જ રહે છે જેને ખાવું-પીવું-સૂવું સિવાય જીવનનું કોઈ ધ્યેય નથી એ માણસ નથી પણ નિમ્ન સ્તરનાં પશુ જેવો છે.

### સુવિચાર

- ઈર્ષા બીજું કશું નથી ખાતી, એ તો જે હૃદયમાં પેદા થાય તે હૃદયને જ ખાઈ જાય છે - **જર્મન કહેવત**
- માણસ જેમ દુર્ગંધથી દૂર ભાગે એમ એણે દુર્જનથી દૂર ભાગવું જોઈએ એની દુર્જનતા દૂર કરવાની જવાબદારી તમારી નથી. એના કર્મો જ એને સીધો કરશે - **રજનીશ**
- એ માણસ એટલો વિદ્વાન હતો કે ઘોડા માટે નવ નવ ભાષાઓમાં કયો શબ્દો છે એ જાણતો હતો, પરંતુ એ એટલો તો બુદ્ધુ હતો કે સવારી કરવા માટે ગાય ખરીદી લાવ્યો - **બેન્જામીન ફ્રેંકલીન**
- હૃદયરોગનો હુમલો થાય તે એટલું સાબિત કરે છે કે હૃદય નામની જણસ હજી બચી છે, માણસના મનને જે સમજાય તેનાં કરતાં એનાં માંહ્યલાને ઘણું વધારે સમજાતું હોય છે - **વજુ કોટક**
- તમે ગંભીર હોવાનો ડોળ કરી શકો છો, પરંતુ તમે હસમુખા હોવાનો ડાળ કરી શકતાં નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- ખોટી ઉતાવળ એ નિષ્ફળતાની જનેતા છે - **સમયસૂત્ર**

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

કોઈ પ્રસંગ-ઘટના-બાબતમાંથી આપણે હકારાત્મક બાબત શોધતા નથી પણ આપણા સ્વભાવ અને વૃત્તિ પ્રમાણે તેનું મૂલ્યાંકન કરીએ છીએ.

'કઠિયારાએ જોયું કે એના બે પગ પરથી કોઈ વાહન ફરી જતાં લૂલૂં થઈ ગયું. કઠિયારાને નવાઈ લાગી શિકાર કર્યા વિના આ ખાતું શું હશે ! ઝાડ પાછળ છૂપાઈ તેનું નિરીક્ષણ કરવા રોકાયો.'

એક વાઘ આવ્યો અને તેની પાસે થોડા માંસના ટૂકડા નાખી ચાલ્યો ગયો. કઠિયારાને ભગવાનની રચના યાદ આવી - કીડીને કણ ને હાથી ને મણ મળી જ રહે છે. એણે લાકડાં-કાપી ગુજરાન ચલાવાનું બંધ કરી એક ગુફામાં ઈશ્વરને પ્રાર્થના કરતો બેસી રહ્યો. પંદર દિવસના અપવાસ થયા - બેભાન જેવો થઈ ગયો - ભગવાન પરનો ભરોસો ડગુમગુ થવા લાગ્યો ત્યાં આકાશવાણી થઈ...

'મૂર્ખ કઠિયારા, શિયાળ તો અપંગ હતું તું કંઈ અપંગ નથી - તારે શિયાળ તવા કરતાં વાઘ જેવો થઈ કોની ગરીબની મદદ કરવી જોઈએ.' કઠિયારાને ભૂલ સમજાઈ.

# સાક્ષી મહારાજ : ભાજપ માટે અસ્કામત કે જવાબદારી ?

**તંત્રીસ્થાનેથી...**

ઉન્નાવ ઉત્તરપ્રદેશનો ગ્રામીણ ઈલાકો છે. 'ચિત્રલેખા'ના લેખક ભગવતીચરણ વર્મા જેવા મહાન નવલકથાકાર ઉન્નાવના વતની હતા, તે યાદ આવ્યા વિના ન રહે. સાક્ષી મહારાજ આ ઉન્નાવનું પ્રતિનિધિત્વ કરતા ભાજપના સાંસદ છે. દેખાવે, રંગરુપે અને પહેરવેશે લઘરવઘર આ 'બાવાજી' બાળકોને સપનામાં આવે તો બિચારા છળી મરે એવા 'દર્શનીય' મહાત્મા છે. ઉત્તરપ્રદેશમાં હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવામાં એમનો સિંહફાળો રહ્યો છે. ગોરખપીઠના ગાદીપતિ અને સાધ્વી પ્રાચીની જેમ સાક્ષી મહારાજ પણ સંસદમાં હિંદુ સંતોનું પ્રતિનિધિત્વ કરે છે અને મીડિયામાં સતત કોઈ ને કોઈ વાંકું ચૂકું નિવેદન ઠોકી ચમકતા રહે છે. છેલ્લે એમણે મુસ્લિમ મહિલાઓને પુરુષો પગની 'જૂતી ' ગણતા હોવાની બાબત દેખીતી રીતે લઘુમતી સમાજના સ્વમાન પર ઘા કરનારી છે. અલબત્ત, એ નિવેદનનું હાર્દ તપાસતાં એમાં રહેલું સત્ય મને-કમને સ્વીકારવું પડે એવું છે, પરંતુ જે ભાષા વાપરવામાં આવી છે તે કઠોર પણ રક્ષણાત્મક કાયદો કરવાની, એમને પણ હિંદુ સ્ત્રીઓની જેમ જ પુરુષોના જુલમો સામે રક્ષણ આપવાની પહેલ કરવાની અદાલતોને સલાહ આપી છે. મુસ્લિમ સ્ત્રીઓને મસ્જિદોમાં નમાજ પઢવાની મંજૂરી આપવી જોઈએ. સાક્ષી મહારાજનું આ નિવેદન ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પૂર્વે આવ્યું છે, જેનો કોંગ્રેસ, સપા કે બસપા વિરોધ કરવા જાય તો ફસાઈ જાય એવું છે. સૈદ્ધાંતિક દૃષ્ટિ એ સાક્ષી મહારાજની વાત બરાબર લાગી શકે, પરંતુ ઈસ્લામના અનુયાયીઓ તો શરિયતના કાયદામાં શ્રદ્ધા ધરાવે છે. કુરાનમાં કે હદીસમાં જ લખ્યું તે સાચું, કારણ કે તે સીધું ઉપરથી ઊતરી આવ્યું છે, એટલે એમાં દેશની અદાલત કે શાસન-પ્રશાસન કોઈ હસ્તક્ષેપ કરે તે મુસ્લિમોને સ્વીકાર્ય નથી. પરંતુ જમીની હકીકત તો એ છે કે ખુદ મુસ્લિમોનો બૌદ્ધિક વર્ગ અને જાગૃત મહિલાઓ ઈચ્છે છે કે તલાક અને હલાલ જેવી ક્રૂર પ્રથાઓ પર નિયંત્રણ જરુરી છે. પુરુષ મન ફાવે ત્યારે ત્રણ વાર 'તલાક' બોલી નાખે એટલે સ્ત્રીના પત્ની તરીકેના હક્કો સમાપ્ત થઈ જાય અને એ જ સ્ત્રી સાથે સમાધાન થાય તો ફરીવાર નિકાહ પઢીને તલાક મેળવવી પડે - એવા કાનૂનને 'મુસ્લિમ પર્સનલ લૉ' ના નામે જાયઝ ગણાવતા હોય તો તે એકવીસમી સદીમાં કેટલાં અંશે પ્રાસંગિક ગણાશે? આમ ખુદ મુસ્લિમ મહિલાઓની દુખતી રગ દાબીને સાક્ષી મહારાજે મુસ્લિમોની તરફદારી કરતી કોંગ્રેસ, સપા, બસપા કે જદ (યુ) જેવી ભાજપ વિરોધી પાર્ટીઓ માટે મુંઝવણભરી પરિસ્થિતિ સરજી છે તો બીજી તરફ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભાજપ સરકારની સહિષ્ણુતાનું વધુ એક ઉંબાડિયું ચાંપીને મોદી સરકાર તથા બીજેપીને પણ મુશ્કેલીમાં મુકેલ છે, ભલે અંદરથી સમર્થન કરતાં હોય અને રાજકીય દૃષ્ટિએ સાક્ષી મહારાજ અસ્કામત સાબિત થઈ શકે એમ હોય, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ઈમેજ ઊભી કરવા મથતા વડાપ્રધાન માટે તો એ જોખમરુપ જ લાગી રહ્યાં છે.


# હરિ ભજ્યા વિણ જાત હૈ અવસર ઇસરદાસ



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

કચ્છના ઉદાર, પરાક્રમી તથા વિદ્યા વ્યાસંગી રાજવી જામ રાવળની ખ્યાતિ દૂર-સુદૂર પ્રસરેલી હતી. આથી અનેક વિદ્વાનો - કવિઓ તેમની કચેરીમાં આવતા અને પોતાની કૂશળતા તથા જ્ઞાનનો લાભ હોંશભેર આપતા હતા. રાજવી તરફથી આવા વિદ્વાનોનું યથોચિત માન-સન્માન કરવામાં આવતું હતું. રાજસ્થાનના બે વિદ્વાન ચારણ કવિઓ પણ આ રીતેજ આ રાજવીની પ્રતિષ્ઠા વિશે સાંભળીને તેમના દરબારમાં હાજરી આપવા નીકળ્યા હતા. આ બન્ને કવિઓમાં ઈસરદાસજી તથા તેમના કાકા આશાજી હતા. કાકા આશાજી રોહડિયા પાસેથી તેમના યુવાન ભત્રીજા ઈસરદાસને સાહિત્ય દિક્ષા મળી હતી. ઈ.સ.ની પંદરમી સદીના આ મધ્યભાગનો આ સમય હતો. (વિ.સ. ૧૫૧૫ - ૧૬૨૨) જામ રાવળની સભામાં ઈસરદાસજીએ પોતાની એક રચના સંભળાવી. આસાધારણ કવિત્વ શક્તિ આ દેવીપુત્રને સહજ પ્રાપ્ત હતી. મહેમાન કવિની રચના સાંભળીને જામશ્રી તેમજ સાહિત્ય મર્મજ્ઞ સભાજનોએ ખૂબજ પ્રસન્નતા અનુભવી. સૌએ કવિની વિદ્વતાને ખોબે અને ધોબે દાદ આપી. પરંતુ તેમાં એક અપવાદ કવિના તથા સૌના ધ્યાનમાં આવ્યો. તે સમયે જામ રાવળની સભામાં પિતાંબર ભટ્ટ નામના મોટા ગજાના વિદ્વાન પંડિત પણ હતા. ભટ્ટજી પોતાના સૌજન્ય તથા શાસ્ત્રજ્ઞાનને કારણે સુવિખ્યાત હતા. આવા પંડિતના મુખ પર પ્રસન્નતાના કોઈ ભાવ જોવા મળ્યા નહિ. તેમણે કવિને બીરદાવ્યા પણ નહિ. સભા તો બરખાસ્ત થઈ પરંતુ કવિના મનમાં એક કડવાશ વિદ્વાન ભટ્ટજી માટે પેદા થઈ. કવિની એકતો યુવાન વય હતી અને બીજું પોતાના સાહિત્ય જ્ઞાન અંગે ગૌરવ પણ હતું. ક્ષણિક આવેશ કે ગુસ્સો ક્યારેક સજ્જન વ્યક્તિના મનમાં પણ દુર્ભાવના પ્રગટાવે છે. કવિને આ વિદ્વાન ભૂદેવનો અવિવેક ખૂંચે છે. કવિ ઈસરદાસને ભટ્ટજી સામે બદલો લેવાનો વિચાર આવે છે. પિતાંબર ભટ્ટજીના ઘેર જઈને એક ખૂણામાં છૂપાઈને પંડિતજીની રાહ જોઈને બેસી રહે છે. પંડિતજી પર શારીરિક પ્રહાર કરવાની વાતે તેમના ચિત્તનો કબજો લીધો છે. ભટ્ટજી મોડી સાંજે સ્વગ્રહે પાછા ફરે છે. ઈસરદાસજી પ્રહાર કરવાનો લાગ શોધી રહેલા છે. આ સમયેજ ભટ્ટજીને તેમના પત્ની કચેરીમાં બનેલી ઘટનાઓ વિશે પૂછપરછ કરે છે. ભટ્ટજી પોતાની અર્ધાંગનાને સંબોધીને કહે છે કે કચેરીમાં મારવાડના બે તેજસ્વી કવિઓ આવ્યા હતા. આ બન્ને કવિઓમાં ઈસરદાસ નામના યુવાન કવિ તો વિશેષ તેજસ્વી હતા. તેવી વાત આ સમજણા પુરુષે કરી. કવિની રચના અનહદ ચિત્તાકર્ષ હતી. યુવાન વયે પણ તેઓ ઘણાં વિદ્વાન જણાય છે. પછી આ જ્ઞાની અને દ્રષ્ટિવંત ભૂદેવ કહે છે : '' આ કવિ મનુષ્યોની કાવ્ય રચના કરવામાં જેટલો પરિશ્રમ ઉઠાવે છે તેટલો શ્રમ ભક્તિ પરાયણ થઈને પરમ કૃપાળુ પરમાત્માની કવિતા બનાવવામાં ઉઠાવે તો તેમનો અવશ્ય મોક્ષ થાય. મારા મનમાં આ વિશે લગીરે સંશય નથી. '' વીજળીના તેજસ્વી ચમકારે જેમ અંધકાર ઓગળે છે તેમ જ્ઞાનમાં વૃધ્ધિ પામેલા આ વિદ્વાન ભૂદેવની વાત સાંભળીને યુવાન કવિને નૂતન દિશાનું દર્શન થાય છે. જીવન અને કવનનો ખરો અર્થ સ્પષ્ટ થાય છે. ક્ષણિક આવેશના સ્થાને પિતાંબર ભટ્ટજી તરફ અપાર માન અને સ્નેહની લાગણી થાય છે. કવિ પોતાના આ અનુચિત વર્તન માટે ભટ્ટજીની અંતરના ઊંડાણથી માફી માંગે છે. ત્યારબાદ ઈસરદાસજી પિતાંબર ભટ્ટના ચરણે બેસીને શાસ્ત્રોનું અધ્યયન કરે છે. આ પ્રક્રિયા થકીજ યુગ-યુગાંતરો સુધી ટકી રહે તેવા ભક્તકવિના અમર સાહિત્યનું નિર્માણ થાય છે. હરિરસ અને દેવીયાણ તથા બીજા અનેક સુવિખ્યાત ગ્રંથોનું આજે પણ સમાજના અનેક ઘરોમાં ચિંતન અને પઠન થાય છે. હરિરસ તથા દેવીયાણના અનેરા મહત્વનું મૂલ્ય રાજ્યકવિ શંકરદાનજીએ સુંદર તથા અર્થસભર શબ્દોમાં આંક્યું છે.



*વાંચો શ્રીમદ્ ભાગવત મોટો ગ્રંથ મહાન*
*કે આ હરિરસ નીત પઠો શુભ ફળદાયી સમાન.*
*વાંચો દુર્ગા શપ્ત સતી યા વાંચો દેવીયાણ*
*શ્રોતા - પાઠીકો પરમ સુખપ્રદ ઉભય સમાન.*

લગભગ નવ દાયકા પહેલા (ઈ.સ. ૧૯૨૮) ટાંચા સાધનોની મર્યાદા હોવા છતાંયે કવિરાજ શંકરદાનજી દેથા (લીંબડી)એ હરિરસનું પ્રકાશન કાર્ય કર્યુ હતું. તે પ્રકાશન સમયે હરિરસ ગ્રંથની પ્રસ્તાવના બહુશ્રુત વિદ્વાન અને ભાવનગરના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીએ લખી હતી. પટ્ટણી સાહેબને ભક્ત કવિ ઈસરદાસજીના દર્શનમાં કવિની અતુટ શ્રધ્ધાનું દર્શન થયું હતું. સર પટ્ટણીએ લખ્યું છે : '' શ્રધ્ધાથી આ પુસ્તક (હરિરસ) વાંચનારને નવી દ્રષ્ટિ, નવું બળ તથા નવી ચેતના મળ્યા વિના રહેશે નહિ. '' દેશના મધ્યયુગના સંત

અનુસંધાન પાના નં. ૭ પર

# મનાનો ના સામજાવો, કે મના સામજતુ હોય છે આ સમજ આ અણસમજ, એ ખુદ સરજતુ હોય છે...

આજે કોણ જાણે કેમ મજા આવતી નથી! બસ કંટાળો આવે છે, આમ કેમ થાય છે તેની ખબર નથી પણ કંટાળો આવે છે. આવું રોજબરોજના જીવનમાં આપણે કેટલીવાર અનુભવીએ છીએ!

કયારેક એકના એક કાર્યના વધારે પડતા શ્રમના કારણે રોજના રૂટિનથી કંટાળો આવતો હોય છે, તો વળી કયારેક કોઈ પણ કાર્ય ન હોવાના કારણે 'બોર' થઈ જઈએ છીએ. મન અને હૃદય બંનેના સિગ્નલ જયારે મેચ ન થયા હોય, ત્યારે આપણે વિચિત્ર પ્રકારની મૂંઝળણ અનુભવીએ છીએ.

કોઈ વસ્તુ કે કાર્ય કરવું નથી, પણ તે કાર્યમાં રૂચિ નથી તેનું ચોક્કસ કારણ આપણે સમજાવી શકતા નથી, મને મનોમન ગૂંગળાઈ જઈએ છીએ, અથવા તો આનાથી તદ્દન વિરુદ્ધ જયારે જયારે કંઈક કાર્ય કરવાની આત્યંતિક ઈચ્છા હોય પણ સાનુકૂળતા ન હોય ત્યારે ચોથે ચડીએ છીએ અને પછી ગોટા વાળીએ છીએ.

આ ઉનાળાની ગરમીમાં આપણે શરીરથી તો પરસેવો રેબઝેબ થઈએ છીએ પણ મન પર પરસેવે રેબઝેબ થાય છે. વિચારો કરવા એ તો મનનું કામ છે, પણ સારા-નરસા વિચારોનું વર્ગીકરણ કેમ કરવું તેમાં બુદ્ધિ વાપરવાની છે.

મન અને હૃદય, બુદ્ધિ અને લાગણી વચ્ચે તો તુમુલ યુદ્ધ આજીવન ચાલ્યા જ કરવાનું છે, કારણ કે ઘણી વખત જીવનમાં એવા પ્રસંગો આવે જયારે તાર્કિક રીતે તમે સાચા હો, પરંતુ લાગણીની પદ્ધતિ અપનાવીએ દાખલો ગણો તો ખોટો પડે, તો વળી ઘણીવાર લાગણીવશ થઈને કોઈ નિર્ણય લઈ લઈએ તો વ્યવહારિક રીતે આપણો રસ્તો ખોટો ઠરે.

કંટાળાજનક વાતાવરણ સર્જાય છે કેવી રીતે ! ચાર મિત્રોએ પિકચર જોવાનું નક્કી કર્યું હોય, ૬ વાગે ભેગા થઈ જવાનું હોય, પરંતુ કોઈ એક ચિત્ર સમયસર ન આવે શો ચાલુ થઈ જાય અને પેલા ત્રણેય મિત્રોનો મુડ બગડી જાય, કેટલાય સુંદર ઉપનામોથી મિત્રને યાદ કરતા રહી, ત્યારે ઈન્ટરવલ વખતે તે મિત્ર દોડદો આવે જેને કંકુ-ચોખા લઈને વધારતા તમે તૈયાર ઊભા હો.

અથવા તો તમે લાઈટ બીલ ભરવાની લાંબી લાઈનમાં ઊભા છો, મે મહિનાની કાળઝાળ ગરમીમાં સૂર્યનારાયણ ભગવાન છુટ્ટા હાથે તડકાનો પ્રસાદ વહેંચી રહ્યા હોય અને દોઢ કલાકની તમારી ઊભી ચોથની તપશ્ચર્યા પછી અડધો કલાકની રીશેષની બોર્ડ લગાવીને તે કર્મચારી સીટી મારતો-મારતો ટીફીન લઈને જમવા જતો રહે ત્યારે આપણે શું અનુભવીએ છીએ તે કહેવાની જરૂર નથી.

ઉપરના બંને સ્થૂળ દૃષ્ટાંત છે, જીવનમાં પણ આ બંધ બેસે છે, ઘણીવાર હાથમાં આવેલી તક એ આપણી બેદરકારીને કારણે અથવા કોઈ બીજાની મહેરબાનીથી આપણે ગુમાવી દઈએ છીએ, કારણ કે તક એ તો ઝાડું કાઢતા દેખાતી ટાંકણી જેવી છે, ઘડીમાં દેખા દે ઘડીમાં છૂમંતર.

કોઈ વિદ્વાનનું દોઢ કલાકથી અવિરત વકતવ્ય ચાલતું હોય, ભોજનનો સમય થઈ ગયો હોય તે મહાનુભાવ માઈક છોડવાનું નામ ન લેતા હોય, ત્યારે જે કંટાળો અનુભવો તે ભિન્ન છે, અને રૂચિનો વિષય છે છતાં તમે બેચેની અનુભવો એ વાત અલગ છે. એ.સી. ચાલુ છે, પડદા પર ફિલ્મ ચાલું છે, હાથમાં પોપકોર્ન છે, છતાં પીણા છે, બધુ હાજર છે પણ અવળચડું મન કયાંક બીજે ભાગા-ભાગી કરે છે, પેલા લેકચરનો કંટાળો આવતો હોય તો ત્યાંથી ઊભા થઈ જઈએ તો તેનું નિવારણ થઈ જાય, પણ તમે તમારાથી ભાગી ભાગીને પણ કયાં જાવ ? વિચારોના ટોળા સરઘસરુપે તમારા બારણે ધબબધાટી કરતા હોય હવે શું થશે ? ભવિષ્યની ચિંતાઓ, વર્તમાનની વિટંબણા આ બધા પ્રશ્નો મન જ મનને કરતું હોય છે.

માણસ વધુ ને વધુ પોતાને હડધૂત કરતો હોય છે. શરીરની જેમ મન માદું પડે ત્યારે સચેત થઈ જવું જરુરી છે. હદથી બહાર નીકળી ગયેલા મનને પાછા વાળવાની કળા માણસમાં હોવી જોઈએ. બાકી આપણે મનને ગમે તેટલું ટપારીએ પણ મનને માકડું અમથું થોડું કીધું છે. શ્રી રાજેન્દ્ર શુક્લ કહે છે તેમ... 'મનને સમજાવો નહીં, કે મન સમજતું હોય છે. આ સમજ, આ અણસમજ એ ખુદ સરજતું હોય છે.'

આપણે હરખપદુડા છીએ, જલદી હરખાઈ જઈએ છીએ તો વળી જલદી કંટાળી પણ જઈએ છીએ. કોઈ પણ વાતમાં સાતત્ય નથી. કોઈ વખત જે વાતાવરણ કે પરિસ્થિતિમાં આનંદિત હોઈએ, બની શકે તે જ વાતાવરણમાં કંટાળો પણ આવે. ફાસ્ટ લાઈફમાં સ્લો થિકીંગ તો શક્ય કયાંથી બને! ઘણીવાર તમે અનુભવ્યું હશે કે તમે ચાલતા ધીરે હો, પણ તમારું મન સુપરફાસ્ટ ગતિએ વિચારો કરતું હોય ત્યારે શરીરની ગતિને મનની ગતિ સાથે તાલમેલ સાધવામાં છેવટે થાકી જઈએ છીએ એને 'કંટાળા'નું નામાભિધાન આપીએ છીએ.



## વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

જે વ્યક્તિના સહવાસમાં આપણે ખૂબ આનંદ અનુભવતા હોઈએ, એ જ વ્યક્તિ સાથે હોય ત્યારે કીડીઓ ચટકા ભરતી હોય તેવું ય લાગે. આપણી ગતિ આત્યંતિક છે, ઉપર તરફથી પણ અને નીચે જવાની પણ. ખૂબ ઉપર પર્વતની ટોચ અને કાં તો ઊંડી ખાઈ, વચ્ચે સમતોલન નથી રાખતા, પરિણામે જયારે હરખાઈને સામા પાસેથી અપેક્ષાઓ રાખતા આગળ વધીએ અને નાનો સરખો બમ્પ આવે એટલે ગબડી પડીએ. અને જે તળીએ છે એ તો કૂપમંડૂપ જ બની ગયા છીએ, ખાબોચિયાને હિંદમહાસાગર સમજીને ભૂસકા મારે અને ઊંધે કાંધ પટકાય. અત્યારે ભર્તુહરિ કૃત વૈરાગ્ય શતકનો એક શ્લોક યાદ આવે છે.

**આશા નામ નદી મનોરથજલા તૃષ્ણાતરંગાગાલુકા,**
**રાગગ્રાહવતી વિતર્કવિહગા ધૈર્યદ્રુમધ્વંસિની!**
**મોહાવર્તસુદુસ્તરાડ઼તિહગના પ્રોન્તડુચિન્તાતટી**
**તસ્યાં પારગતા વિશુદ્ધમનસો નન્દન્તિ યોગીશ્વરાઃ ॥**

અર્થાત્, આ સંસારમાં આશા નામની એક નદી છે, આ નદી મનોરથરુપી જળથી ભરેલી છે. જેમાં તૃષ્ણા-લોભરુપી તરંગ ઉઠી રહ્યા છે. જે રાગદ્વેષ રુપી મગરમચ્છથી પરિપૂર્ણ છે અને તર્ક વિતર્કરુપી જલપક્ષી આમાં તરી રહ્યાં છે. ધૈર્યરુપી વૃક્ષોને ઉખાડતી આ નદીના બંને કિનારાઓ પર ઊંચા ચિન્તારુપી તટ છે. આ નદીને પાર કરવું ખૂબ મુશ્કેલ છે. પરંતુ આ નદીને શુદ્ધ, અંતઃકરણવાળા ત્યાગી, તપસ્વી પાર કરીને યોગેશ્વરને પામે છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# વસ્તુનો જે સ્વભાવ છે તે જ તેનો ધર્મ છે : મહાવીર ભગવાન

'ભગવાન મહાવીરનો મુખ્ય સંદેશ અહિંસા નહિ પરંતુ વિશ્વપ્રેમ છે, અહિંસા એ પ્રેમનું પરિણામ છે.' એમ જયારે એક ધાર્મિક શિબિરમાં જૈન ધર્મગુરુએ કહ્યું ત્યારે શિબિરાર્થી યુવાનો પૈકીના પરંપરાવાદી વિચારોથી જ જોનારા ઘણાને આ વાક્યની પ્રાથમિક સમજણ ન પડી.

વલસાડી સાગ અને વલસાડની હાફુસ કેરી બાદ વલસાડની ઓળખ બની ચુક્યા છે વલસાડ સમીપ તીથલના દરિયાકાંઠે આવીને વસેલા જૈન ધર્મના ક્રાંતિકારી વિચારશીલ-સમન્વયવાદી સાધકો એવા ત્રણ ભાઈઓની 'બંધુ ત્રિપુટી.'

જૈન ધર્મની દીક્ષા લીધી એ પહેલાનું સાંસારિક જીવન કચ્છમાં વીત્યું. દીક્ષા ગ્રહણ કર્યા બાદ પણ ત્યાં જ રહ્યા અને ૧૯૮૨માં તીથલના રમણીય-શાંત પ્રાકૃતિક સ્થાને આવીને અહીં જ રોકાઈ ગયા.

સૌથી મોટા ભાઈ મુની ચંદ્રવિજયજી અંતર્મુખી-નિજાનંદી વ્યકિત્વ અને નીવડેલા કવિ. વચેટ ભાઈ મુની કિર્તીચંદવિજયજી યોગશાસ્ત્રના અને ધ્યાન-પ્રાયાયામના પ્રખર અભ્યાસી અને સૌથી નાના ભાઈ મુની જીનચંદ્રવિજયજી પ્રખરવક્તા - શાસન પ્રભાવક અને ભક્તિથી ભર્યા ભર્યા હૃદયના સ્વામી.

તીથલને એમણે તપોભૂમિ બનાવી અને શાંતિનિકેતન સાધના કેન્દ્રની સ્થાપના કરી. આંતરિક ચેતના જાગૃત થઈ અને પાંચમી માર્ચે ૧૯૮૯માં એમણે એક જાહેર નિવેદન કરી વિદેશોમાં ધર્મ પ્રચાર-પ્રસારનો આરંભ કર્યો.



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

શિબિર દરમિયાન કચ્છના સાધક હરનીશ શાહે પુછ્યું, 'ધર્મ એટલે શું?' અને તુરંત જવાબ મળ્યો, 'જેનાથી સહુનું કલ્યાણ થાય, મંગળ થાય એનું નામ ધર્મ.'

મુંબઈ રહેતા સુરેશ ગાલાની જિજ્ઞાસાના જવાબમાં કહેવાયું કે 'ધર્મની વ્યાપક સમજણ લોકોને આપવી જરુરી છે પણ એની શરુઆત વ્યવહાર શુદ્ધિથી જ થવી જોઈએ.'

બંધુ ત્રિપુટીને ત્યાં વિચારકો-ચિંતકો-સાક્ષરો-ધર્માચાર્યો-સાહિત્યકારો-કલાકારો કેવળણીકારો અને દેશવિદેશમાંથી જિજ્ઞાસુઓ તથા મુમુક્ષુઓનો પ્રવાહ અવિરત આવતો રહ્યો. તનની સ્વચ્છતા અને મનની પ્રસન્નતાની અનુભૂતિ અહીં આવનારા પ્રત્યેકને થઈ. યોગશિબિર-ધ્યાનશિબિર-સ્વાધ્યાય શિબિર-ભક્તિ શિબિર-બાલ અને યુવા સંસ્કાર શિબિર - મંત્ર સાધના શિખર વગેરેમાં નાત-જાતના અને સંપ્રદાયના ભેદભાવ વિના લોકો આવતા રહ્યા અને સંવર્ધિત થતા રહ્યા. સંસ્થા સાથે જોડાયેલા હિંમતભાઈ શાહ અને જીતુભાઈ જેવા વડિલો સાથે ભગવાન મહાવીરની ચર્ચા કરતા બંધુ ત્રિપુટીએ કહેલું, 'અરિહંત પરમાત્માના સ્વરુપનું વર્ણન થાય ત્યારે વીતરાગ અને સર્વજ્ઞ વિશેષણ વપરાય છે પણ ભગવાન કરૂણા મૂર્તિ પણ છે અને અનંત શક્તિનો ભંડાર પણ છે.'

ભગવાન મહાવીર - જૈન ધર્મના સિદ્ધાંતો અને સૂત્રો તથા વિચારધારાને દેશ-વિદેશના શ્રોતાઓ અને ભક્તો સુધી પહોંચાડયા છે. લાખ્ખો યુવાનો માટે તેઓ પ્રેરક માર્ગદર્શક બની રહ્યા છે. ધર્મની વિભાવનાને અને વિચારોને એમણે રોજિંદા જીવન સાથે જોડ્યા છે.

કરૂણાશીલ-રસજ્ઞ-મિત્ર-સાક્ષી-સાથી-માર્ગદર્શક-ધર્મ પુરસ્કર્તા અને સમન્વય માર્ગી ગુરુ તરીકે એમને યુવાનો સ્વીકારી રહ્યા છે.

શાંતિનિકેતન પછીથી નિર્મિત થયેલા શાંતિધામમાં માતા પદ્માવતી દેવી અને માતા સરસ્વતીની આરાધના કરવા જીનચંદ્રવિજયજી પાસે આજે પણ દેશ-વિદેશથી ભક્તો આવે છે. નવરાત્રી અને દિવાળીમાં થતાં શ્રીયંત્રના પૂજન સમયે ભક્તોની અવિરત ભીડ જોવા મળે છે.

તીથલના શાંત અને પવિત્ર વાતાવરણમાં અહીં ભક્તો આવે છે, દર્શન-વંદન-પૂજન કરે છે - સ્તવનો ગાય છે અને એમના હૈયામાં ઊઠેલા સંઘર્ષો શાંત થાય છે, જ્ઞાનની બારીઓ ખુલે છે, ભક્તિની ધારા એમને ભીંજવે છે, સમાનતા-સંવાદિતા અને સેવાભાવનું સંવર્ધન થાય છે. આવી જ અનુમતિ પામીને શિબિરાર્થીઓ છુટા પડ્યા ત્યારે તેમને પેલો વિચાર વધુ સ્પષ્ટ થયો કે સાધના અહિંસાની નહિ, પ્રેમની કરવાની છે. જેના માટે પ્રેમ હોય એને દુઃખી કરવાનો વિચારપણ આપણને ન આવે એવી સમજ આવે છે. પ્રેમરુપી પારસમણિના સ્પર્શથી.

ઓશોઓ મહાવીર દર્શન (ભાગ-૧) માં ૫૩મા પાને નોંધ્યું છે કે ઓક્સફર્ડ યુનિવર્સિટીની ડિલાવર પ્રયોગ શાળામાં થયેલા દસ વર્ષના પ્રયોગો પછી એવું તારણ આવ્યું છે કે કોઈ પણ વ્યક્તિ તમારા પ્રતિ મંગળ અને શુભની ભાવનાથી ભરેલી હોય તેની નજીક જે ક્ષણે તમે જાવ તે ક્ષણે તમારા લોહીમાંથી સફેદ કણ પંદરસો જેટલા વધી જાય છે.

ભગવાન મહાવીરે કહ્યું છે, 'વસ્તુનો જે સ્વભાવ છે તે જ તેનો ધર્મ છે.' પ્રસન્નતા-સહજતા અને ભક્તિથી ભરેલા વ્યક્તિત્વને મળવાનું થાય ત્યારે આવી જ અનુભૂતિ થાય છે.

૧૯૯૦ના સમય ગાળાથી તીશલમાં બંધુ ત્રિપુટીને ત્યાં જવાનું નિયમિત રીતે બન્યું છે. મુની જીનચંદ્રવિજયજીનું સરળ-સહજ-સભર-મેઘધનુષી વ્યક્તિત્વ - વાણી - વર્ણન અને વ્યવહારમાંથી પ્રગટતી સાધુતાનો અનુભવ સતત કર્યો છે.

પ્રેરણા આપનાર માર્ગદર્શક રૂઢિવાદથી પીડાતા નથી અને આધુનિકતાના અતિરેકમાં ફસાતા પણ નથી. જેવું બોલે એવું જીવનારા સાધુઓ પ્રેમ-શ્રદ્ધા અને આનંદથી સભર હોય છે. એમની સમીપ જવાથી આપણી અંદર પણ ઉર્જા પ્રગટે છે, પ્રેસન્નતાનો પમરાટ અનુભવાય છે.

વર્તમાન સમયમાં દેશ અને દુનિયાને સંઘર્ષથી નહિ - સમજણની અને સમાધાનની જરુર છે. ભગવાન મહાવીરનો વિશ્વપ્રેમનો સંદેશ પ્રસારિત કરવામાં નિમિત્ત બનીએ, આપણા સ્વભાવને સાતત્યપૂર્ણ રીતે પ્રેમથી સભર કરીએ, પ્રેમના દીવડા પ્રગટાવીએ. પ્રેમના દીવડાની જયોત પ્રગટે છે ત્યારે સહુના જીવનમાં અજવાળા રેલાય છે.

**તેજપૂંજ -**

*ધરમધરમ જગ સહુ કહે,*
*પણ ન લહે તસ મર્મ,*
*શુદ્ધ ધર્મ સમજ્યા વિના,*
*નહિ મીટે ભવ ભરમ*

- જૈન યોગી ચિદાનંદજી